# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના મતવિસ્તાર ગાંધીનગર જિલ્લામાં 241 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું.
2) કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે વડનગરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે.
3) ગુજરાતમાં વાસી ઉત્તરાયણનાં દિવસે આજે બપોર સુધીમાં 108 એમ્બ્યુલન્સ સેવાને 2 હજાર 577 ઇમરજન્સી કોલ આવ્યા.
4) ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૨ હજાર ૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા, સતત ૪ વર્ષ સુધી "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ એનાયત
5) કચ્છની અને સાબરકાંઠા જિલ્લાની વિદ્યાર્થીનીઓની “પરીક્ષા પે ચર્ચા 2025” કાર્યક્રમ માટે પસંદગી.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH PROGRAMM – Evening - 1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તેમના મતવિસ્તાર ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકામાં અંદાજે 241 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું હતું.

શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જળવ્યવસ્થાપનનાં પરિણામે ઉત્તરગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં ગામેગામ સિંચાઈ અને પીવાનું શુધ્ધ પાણી પુરતા પ્રમાણમાં પહોંચ્યું છે.

તેમણે અંબોડ ખાતે 234 કરોડ રૂપિયાનાં ખર્ચે સાબરમતી નદી પર નિર્માણ થનારા બેરેજનું ભૂમિપૂજન કર્યું હતું. શ્રી શાહે લાકરોડા ગામે સાબરમતી નદીના કાંઠા પર નીલકંઠ મહાદેવ મંદિર પાસે એક કરોડ 33 લાખ રૂપિયાનાં ખર્ચે સંરક્ષણ દિવાલના કામનું ઇ-લોકાર્પણ કર્યું હતું અને માણસા સર્કિટહાઉસનું પણ લોકાર્પણ કર્યું હતું.

અન્ય એક કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ કલોલ ખાતે કલોલ વિધાનસભા મતવિસ્તારમાં 198 કરોડ રૂપિયાનાં 19 વિકાસકાર્યોનું લોકાર્પણ અને 8 વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત કર્યું હતું.

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સરકારે કરેલા વિકાસકાર્યો અંગે શ્રી શાહે વધુમાં આ મુજબ જણાવ્યું..

***(BYTE -- Amit Shah Kalol Lokarpan)***

શ્રી શાહે કલોલના નારદીપુરમાં રામજીમંદિરમાં ભજન મંડળીઓને સાધનોનું વિતરણ કર્યું હતું. તેમણે બોરસણા ખાતે કલોલ-સાણંદ રોડનું ખાતમુહુર્ત કર્યું હતું. શ્રી શાહ સઇજ ખાતેના ઓવરબ્રિજ સહિતના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

# AMIT SHAH PROGRAMM – Evening - 2

શ્રી શાહે કલોલના સઈજ ગામને  જોડતા રેલ વ્યવહારમાં અડચણ ઊભી ના થાય તે માટે અંડરબ્રીજનું લોકાર્પણ કર્યું હતું. 7.25 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો આ બ્રિજને કારણે ટ્રાફિક, અકસ્માતમાં ઘટાડો થશે. અને ઝડપી રેલ વ્યવહાર શકય બનશે.

અમદાવાદ રેલવેના ડીઆરએમ સુધીર કુમારે આ મુજબ જણાવ્યું..

(બાઈટ – સુધીર કુમાર, ડીઆરએમ)

. . . . . . . . . . . . .

# VADNAGAR AMIT SHAH PROGRAM

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ આવતીકાલે મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. શ્રી શાહ મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં ભાગ લેશે અને નવનિર્મિત પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયનું લોકાર્પણ કરશે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..

## (VOICE CAST- ANIL PATEL)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે વડનગરમાં છ જેટલાં કાર્યક્રમોમાં હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં હાજરી આપશે. તેઓ નવનિર્મિત પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયનું લોકાર્પણ કરશે.

298 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ મ્યુઝિયમમાં ખોદકામ દરમિયાન મળેલી 5000થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના 2500 વર્ષના ઇતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી ₹72 કરોડના ખર્ચે તૈયાર થયેલા ‘પ્રેરણા સંકુલ’ને રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી અમિત શાહ વડનગરમાં 33 કરોડ 50 લાખ રૂપિયાનાં ખર્ચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરશે. અને પ્રાચીન હાટકેશ્વર મંદિરની મુલાકાત પણ લેશે. આ ઉપરાંત, શ્રી શાહ મહેસાણામાં ગણપત યુનિવર્સિટીનાં 18મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. સાંજે તેઓ અમદાવાદનાં સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાન મથક ખાતે ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (FTI-TTP)નું ઉદઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# Emergency cases

ગુજરાતમાં વાસી ઉત્તરાયણનાં દિવસે આજે સાંજે છ વાગ્યા સુધીમાં 108 એમ્બ્યુલન્સ સેવાને 3 હજાર 345 ઇમરજન્સી કોલ આવ્યા હતા, જે ગયા વર્ષનાં આ દિવસ કરતા 303 અને સામાન્ય દિવસ કરતાં 645 વધુ છે.

આ ઉપરાંત કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને સાંજે છ વાગ્યા સુધીમાં 1119 ઇમરજન્સી કોલ આવ્યા હતા, જેમાંથી 846 પશુઓને ઇજા અને 273 પક્ષીઓને ઇજા અંગેનાં  કોલ હતા.

આ અંગે 108 એમ્બ્યુલન્સ સેવાને સ્ટેટ ઓપરેશન હેડ સતીષ પટેલે વધુ માહિતી આપી.....

(બાઈટ – સતીષ પટેલ, ઓપરેશન હેડ)

. . . . . . . . . . . . .

# Vaasi Uttrayan

રાજ્યભરમાં આજે ઉત્તરાયણનાં બીજા દિવસે પણ લોકોમાં પતંગ ઉડાવવાનો ઉત્સાહ સારો એવો જોવા મળ્યો હતો. સારા પવનનાં કારણે વાસી ઉત્તરાયણનાં દિવસે પતંગ રસીકોએ પતંગ ઉડાવવીને આનંદ કર્યો હતો. વહેલી સવારથી  જ કાપ્યો છે.... અને લપેટ.. જેવા શબ્દો સાંભળવામાં મળ્યાં હતાં.ભાવનગરમાં પતંગરસિકો ધાબા પર ચઢીને મ્યુઝિક મસ્તી સાથે ઉધીયું, પુરી, શેરડી-બોર, ચીક્કી આરોગીને હર્ષોલ્લાસ કરતાં હતાં.

તો બીજી તરફ ઈડરનાં સિયાસણ ઝુમસર ગામનાં આદિવાસીઓએ દેવચકલીનું પૂજન કરીને ઉત્તરાયણની અનોખી રીતે ઉજવણી કરી હતી. જૂની પરંપરા મુજબ આસપાસનાં આદિવાસી ભાઈઓ-બહેનોએ દેવચકલીની પૂજા કરી. ઘી-ગોળ,તલ ખવરાવીને દેવચકલીને ઉડાડીને પર્વની ઉજવણી કરે છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# Startups

આવતીકાલે રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ ઉજવવામાં આવશે. દેશમાં છેવાળાનાં લોકો સુધી ઉદ્યોગ સાહિસીકો સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બને અને મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય તે હેતુથી દર વર્ષે 16 જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2016માં સ્ટાર્ટઅપ ઈન્ડિયાની પહેલ કરી હતી. જે આજે 2025 સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા દોઢ લાખથી વધારે સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે. જેમાં ગુજરાતમાં બાર હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે.

રાજ્ય સરકાર દ્વારા “ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ” સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે ૩૫૦ કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે.

જેના પરિણામે વર્ષ ૨૦૧૭માં ગુજરાતને સ્ટાર્ટઅપ ઇન્ડિયા પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે “Prime Minister Award for Excellence in Public Administration in 2017” એવોર્ડ મળ્યો હતો. તદ્ઉપરાંત રાજ્યને સતત ૪ વર્ષ એટલે કે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ પણ મળ્યો હતો.

. . . . . . . . . . . . .

# GOVERNOR GIRSOMNATH-JUNAGADH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ગુજરાતમાં આશરે દસ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના મૂળ દ્વારકા ખાતે પ્રાકૃતિક ખેતી સંવાદમાં રાજ્યપાલશ્રીએ ખેડૂતોની પ્રાકૃતિક ખેતી અંગેની મૂંઝવણ જાણી તેનો ઉકેલ આપ્યો હતો. રાજ્યપાલશ્રીએ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તેમજ આત્મા દ્વારા નિર્મિત દેશી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

દરમિયાન જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામમાં યોજાયેલા પ્રાકૃતિક ખેતી પરિસંવાદમાં રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીથી માનવજીવન અને પર્યાવરણને થતાં નુકસાન અંગે વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# Jamnagar - Mudubera

રાજ્ય પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ જામનગર જિલ્લાનાં વાંસજાળિયા ગામે નિર્માણ થનાર મેજરબ્રિજનું ખાતમુહુર્ત કર્યું. છ કરોડ 56 લાખનાં ખર્ચે બનનાર આ બ્રિજ 111.60 મીટર લાંબો અને 12 મીટર પહોળો બનશે. આ બ્રિજ બનવાથી વાંસજાળિયા, તરસાઇ, સતાપર તથા આજુબાજુના રહેવાસીઓને ફાયદો થશે.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, આ બ્રિજ બનાવાથી 45 હજાર લોકોને અવર-જવર કરવામાં સરળતા રહેશે. આ રસ્તો જામનગર જિલ્લાને પોરબંદર જિલ્લા સાથે જોડતો અગત્યનો મુખ્ય જીલ્લા માર્ગ છે. અહી નજીકમાં સતાપર ગામે ધાર્મિક સ્થળ આવેલું હોવાથી પણ અનેક લોકો તેની મુલકાત લેતા હોવાથી હવેથી વાહનચાલકોને પણ સરળતા રહેશે.

. . . . . . . . . . . . .

# Pariksha pe Charcha - Sabarkantha

કચ્છની ઈન્દ્રબાઈ ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ બારની વિદ્યાર્થીની ઝાલા મિતાલીબા અને સાબરકાંઠા જિલ્લાની અગિયારમાં ધોરણમાં ભણતી ફેઈથ હાઈસ્કૂલની વિદ્યાર્થીની પૂર્વા ગઢવીની પરિક્ષા પે ચર્ચા – 2025 કાર્યક્રમમાં પસંદગી થઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારનાં શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા દર વર્ષે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા સાત વર્ષથી યોજનાર આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સાથે વિદ્યાર્થીઓ ઈન્ટર એક્ટિવ ચર્ચા કરતા હોય છે. જ્યારે આ વર્ષે આઠમી કડીમાં હિંમતનગરની અને ભૂજની દિકરીઓને પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લેવા માટે પસંદ કરાઈ છે.

. . . . . . . . . . . . .

# Anganwadi Mahila

ડાંગ જિલ્લાની આંગણવાડીઓમાં પોષણ ઊડાન–૨૦૨૫ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

લાભાર્થીઓમાં પોષણ અંગે જાગૃતતા લાવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પોષણ ઉડાન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર ઘટકના વિવિધ સ્થળોએ પોષણ ઉડાનનો કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં કિશોરીઓને પોષણયુક્ત તલના લાડુ વિતરણ કરવામાં આવ્યા હતા. પોષણ ઉડાન ૨૦૨૫ અંતર્ગત પતંગ પર પોષણ સૂત્રો લખીને લોકોમાં પોષણ અંગે જાગૃતતા ફેલાવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# Ayush Melo – Surendranagar

**સુરેન્દ્રનગરનાં લીંબડી ખાતે 17 જાન્યુઆરી શુક્રવારે** સવારે સાડા નવ વાગ્યાથી સાંજનાં ચાર વાગ્યા સુધી **આયુષ મેળો યોજાશે. આ મેળમાં આર્યુવેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર તથા આયુષ કચેરીનાં સહયોગથી યોજાનાર આ મેળામાં લોકોની દિનચર્યા, ઋતુચર્યા, રસોડા, આંગણાની ઔષધિઓ અને વનસ્પતિ ચાર્ટ પ્રદર્શન, પંચકર્મ સારવાર વગેરેની વિસ્તૃત સમજ આપવામાં આવશે. સાથે સાથે નિષ્ણાંત આયુષ ચિકિત્સકો દ્વારા તમામ રોગોનું આયુષ પધ્ધતિથી નિદાન તથા સારવાર આપવામાં આવશે.

. . . . . . . . . . . . .